JSW Colouron+ iSC durashine
ALEVATE
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
KUSATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Website: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દર્શના સોસા સોસાયટીની, સુરત મહાનગરપાલિકા સામે, કુમારીકા,સુરત-
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત ૩૯૫૦૦૩ | ઈ-મેલ:mitra@gujarat.mitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૮૮૮૮૧, ફેક્સ: ૨૫૮૮૮૮૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૮૮૮૮૨/૩/૪

CJJARATM TRAAND GUJARATDARPAN
Regd. No. SRT-005/2024-26 ★ RNI No. 1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ ચોથ ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૪

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

કેન્દ્રના કર્મચારીઓને દિવાળી ભેટ, DAમાં 3 ટકાનો વધારો



કર્મચારીઓનું DA વધીને 63 ટકા થયું, 1.17 કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ મળશે

1 જુલાઈ, 2026થી વધેલી રકમ ચૂકવાશે, જેનાથી સરકારી તિજોરી પર વાર્ષિક રૂ. 10,016 કરોડથી વધુનો બોજ પડશે

નવી દિલ્હી, તા. 28 (PTI): દિવાળીના તહેવાર પૂર્વે કેન્દ્રીય કેબિનેટે ગુરુવારે દેશના કરોડો કર્મચારીઓ માટે મોટી જાહેરાત કરી છે. કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR)માં 3 ટકાના વધારાને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટના આ નિર્ણયને કર્મચારીઓ માટે 'દિવાળીની ભેટ' ગણાવી છે.

સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી આશરે 48.34 લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને 68.71 લાખ પેન્શનરો સહિત કુલ 1.17 કરોડથી વધુ લોકોને સીધો ફાયદો થશે. સત્તાવાર યાદી અનુસાર, મોંઘવારી સામે રક્ષણ પૂરું પાડવા માટે લાગુ કરવામાં આવેલ આ વધારાનો હપ્તો 1 જુલાઈ, 2026થી અમલી બનશે અને મૂળ પગાર કે પેન્શન પર અગાઉના 60 ટકાના દરથી 3 ટકા વધારીને આપવામાં આવશે.

આ વધારાના કારણે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ. 10,016.10 કરોડની સંયુક્ત નાણાકીય અસર પડશે. સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે સ્વીકૃત સૂત્ર અનુસાર જ આ વધારો કરવામાં આવ્યો છે, જેથી મોંઘવારી સામે કર્મચારીઓને રાહત મળી રહે.

ઉલ્લેખનીય છે કે તહેવારોના આ સમયગાળામાં સરકારી કર્મચારીઓ લાંબા સમયથી આ વધારાની રાહ જોઈ રહ્યા હતા.

સરકારના આ પગલાથી તહેવારોના મોસમમાં બજારમાં ખરીદીને વેગ મળશે અને અર્થતંત્રને પણ પ્રોત્સાહન પ્રાપ્ત થશે.

નાણાકીય નિષ્ણાતોના મતે, મોંઘવારીના વર્તમાન દર સામે આ વધારો કર્મચારીઓની નાણાકીય જરૂરિયાતોને સંતુલિત કરવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. સરકાર દ્વારા આ રકમ આગામી પગાર સાથે એરિયર્સ સ્વરૂપે પણ ચૂકવવામાં આવે તેવી સંભાવના છે, જેને લઈને કર્મચારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

જિયો પ્લેટફોર્મ્સનું ધમાકેદાર લિસ્ટિંગ

એરટેલ અને એચડીએફસીને પાછળ છોડી, રૂ. 1,119ની ઇશ્યૂ પ્રાઇસ સામે BSE પર શેર રૂ. 1,358 પર લિસ્ટ થયો, દિવસના અંતે 1417 પર બંધ થયો

કંપનીનું માર્કેટ વેલ્યુએશન રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચ્યું, માર્કેટ કેપમાં દેશની સૌથી મૂલ્યવાન કંપની બની



મુંબઈ, તા. 28 (PTI): રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ડિજિટલ સર્વિસ કંપની 'જિયો પ્લેટફોર્મ્સ'ના શેર ખુલ્લા બજારમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. રૂ. 1,119ની ઇશ્યૂ પ્રાઇસ સામે જિયોનો શેર ગુરુવારે 27 ટકાના વધારા સાથે બંધ થયો હતો, આ સાથે જ માર્કેટ કેપિટલાઇઝેશન (કંપનીના કુલ મૂલ્ય)ની દૃષ્ટિએ જિયો પ્લેટફોર્મ્સ દેશની બીજી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે.

બીએસઈ ખાતે કંપનીનું માર્કેટ વેલ્યુએશન વધીને રૂપિયામાં રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું, જ્યારે જિયો પ્લેટફોર્મ્સ દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન રૂ. 28.72 લાખ કરોડ નોંધાયું હતું.

ભારતી એરટેલ (જેનું માર્કેટ કેપ રૂ. 12.16 લાખ કરોડ હતું) ને પાછળ છોડીને જિયો પ્લેટફોર્મ્સ દેશની બીજી મૂલ્યવાન ટેલિકોમ કંપની પણ બની ગઈ છે.

માર્કેટ કેપની રેન્કિંગમાં જિયો પ્લેટફોર્મ્સ ભારતી એરટેલ, રોકડીરોકડી બેંક ગણાતી એચડીએફસી બેંકને પાછળ છોડી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ટીસીએસ પછી ત્રીજા ક્રમે પહોંચી ગઈ છે.

શરૂઆતી ટ્રેડિંગ સેશનમાં જિયો પ્લેટફોર્મ્સ પૈકે રોકાણકારોને મોટો ઝટકો લાગ્યો હતો, જેના કારણે ઇશ્યૂ પ્રાઇસ સામે બીએસઈ પર શેર રૂ. 1,358 પર લિસ્ટ થયો હતો. ત્યારબાદ ટ્રેડિંગ દરમિયાન તે 27.23 ટકા વધીને રૂ. 1423.00ની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર શેર 26.87 ટકા વધીને રૂ. 1417.50 પર બંધ થયો હતો ત્યારે કામકાજના દિવસ દરમિયાન 27.24 ટકા વધીને રૂ. 1423.80 સુધી પહોંચ્યો હતો.

લિસ્ટિંગના પગલે કંપનીનું માર્કેટ વેલ્યુએશન વધીને રાતોરાત રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું, જ્યારે જિયો પ્લેટફોર્મ્સ દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન રૂ. 28.72 લાખ કરોડ નોંધાયું હતું.

બીએસઈ ખાતે કંપનીનું માર્કેટ વેલ્યુએશન વધીને રાતોરાત રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું, જ્યારે જિયો પ્લેટફોર્મ્સ દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન રૂ. 28.72 લાખ કરોડ નોંધાયું હતું.

બીએસઈ ખાતે કંપનીનું માર્કેટ વેલ્યુએશન વધીને રાતોરાત રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું, જ્યારે જિયો પ્લેટફોર્મ્સ દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન રૂ. 28.72 લાખ કરોડ નોંધાયું હતું.

નવી પેઢીને સ્ટેજ સંભાળતા જોઈ મુકેશ અંબાણી ભાવુક થયા



આકાશ, ઈશા અને અનંતે પિતા મુકેશ અને દાદા ધીરૂભાઈના વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ લીધો

મુંબઈ, તા. 28 (PTI): ભારતની બીજી સૌથી મૂલ્યવાન કંપની બનનાર 'જિયો પ્લેટફોર્મ્સ'ના લિસ્ટિંગ સમારોહ દરમિયાન એક અત્યંત ભાવુક ક્ષણ જોવા મળી હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જ્યારે મુકેશ અંબાણીના પ્રણેય ભાગીદો, આકાશ, ઈશા અને અનંત અંબાણીએ સ્ટેજ પર આવીને બિઝનેસનું સુકાન સંભાળવાની વાત કરી, ત્યારે 69 વર્ષીય અબજોપતિ મુકેશ અંબાણી પોતાની આંખોના આંસુ રોકી શક્યા ન હતા. પત્ની નીતા અંબાણી સાથે ઉપસ્થિત મુકેશ અંબાણીએ આકાશ, ઈશા અને અનંત દ્વારા જિયોના સફર પાછળ રહેલા ત્યાગ, મહત્વાકાંક્ષાઓ અને જવાબદારીઓ વિશેનું ઉંડુંચિંતન સાથે જ પિતા અને દાદા ધીરૂભાઈ અંબાણીના વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ અને શ્રદ્ધાંજલિ પ્રવચન બનતે વારંવાર આંસુ લૂછ્યા હતા. સમારોહમાં રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણીએ જણાવ્યું કે, 'આજનું લિસ્ટિંગ અંત નથી પરંતુ એક નવી શરૂઆત છે. રિલાયન્સે છેલ્લા 50 વર્ષમાં રોકાણકારો માટે જે કર્યું છે, જિયો આગામી 50 વર્ષ સુધી તે જ પરંપરા જાળવી રાખશે.' ઈશા અંબાણીએ '૯૭માં રિલાયન્સના પ્રથમ આઈપીઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સામાન્ય નાગરિકોને દેશની સમૃદ્ધિમાં ભાગીદાર બનાવવાનું દાદાનું સ્વપ્ન આજે જિયોના માધ્યમથી પૂર્ણ થયું છે. અનંત અંબાણીએ ત્રણેય ભાઈ બહેનોને 'ત્રણ દારીર, એક આત્મા' ગણાવી દેશવાસીના અને ડિજિટલ ઈન્ડિયાના વિઝનને આગળ ધપાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ઉલ્લેખનીય છે કે જિયો પ્લેટફોર્મ્સનો રૂ. 30,213 કરોડનો દેશનો સૌથી મોટો આઈપીઓ 22.19 ગણો ભરાયો હતો. લિસ્ટિંગના દિવસે જિયોનો શેર 23 ટકા વધીને રૂ. 1,375 ના સ્તરે પહોંચતા કંપનીનું વેલ્યુએશન રૂ. 12.5 લાખ કરોડને પાર થઈ ગયું હતું.

દિલ્હી ડાયરી



ડિજિટલ પ્રાઇવસી કાયદા સામે મીડિયા પબ્લિકેશનનો સુપ્રીમ કોર્ટમાં પડકાર

21 સમાચાર પબ્લિકેશનના ગ્રુપ જૂથે ભારતના પ્રસારણ કાનૂનને રાઘાલતમાં પડકાર્યો છે. રજૂઆતોમાં કહેવાયું છે કે, તેનાથી દેશમાં ઓપરેટિંગ થતા પત્રકારત્વને ગંભીર અસર થશે. કોર્ટમાં રાઘાલતે મંગળવારે આ બાબતે સુનાવણી હાથ ધરી હતી જ્યારે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. સરકારે ગયા વર્ષે ડિજિટલ પર્સનલ ડેટાની સુરક્ષા માટે પ્રસારણ કાનૂન લાગુ કરવાની જાહેરાત કરી હતી, જેનાથી નેતા અને ગુગલ જેવા પ્લેટફોર્મ્સ માટે પાલનના નિયમો કડક બનવા હતા. પબ્લિકેશને કહ્યું રજૂઆત કરી છે કે, મીડિયા હાઉસિસને રાહ આપી છૂટછાટ રાખવામાં આવી નથી, તેથી આ કાનૂનો પ્રેસની સ્વતંત્રતા પર હુમલા છે. ગત સોમવારમાં સરકાર સાથે મીટિંગમાં કંપનીઓએ રજૂઆત કરાવામાં રસ લીધું હતું કે, આ કાયદો પ્રેસની સ્વતંત્રતાનું રક્ષણ કરશે, પરંતુ

...અનુસંધાન પાના 11 પર

ડીપીડીપી એક્ટથી પ્રેસની સ્વતંત્રતાને કોઈ જોખમ નથીઃ સરકાર

સરકાર જરૂર પડશે કાયદામાં સુધારા કરવા તૈયાર: અશ્વિની વૈષ્ણવ કેન્દ્રીય મંત્રીએ તંત્રીઓ અને મીડિયાકર્મીઓને ખુલ્લી ચર્ચા માટે આમંત્રણ આપ્યું

નવી દિલ્હી, તા. 28 (PTI): ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (ડીપીડીપી) એક્ટથી ઉભી થયેલી જર્નલિઝમ કે પ્રેસની સ્વતંત્રતા જોખમાઈ શકે છે તેવી ચર્ચાઓને કેન્દ્રીય આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે ફગાવી દીધી છે.

વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'પત્રકારત્વની સ્વતંત્રતા ભારતના બંધારણ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે અને તે સ્વતંત્રતા સંપૂર્ણપણે ઉપલબ્ધ છે. પત્રકારત્વની સ્વતંત્રતાને અસર કરવાનો કોઈ ઇરાદો જ નથી.' મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગોપનીયતાનો કાયદો મીડિયાની સ્વતંત્રતાનો બંધારણીય ગેરંટીને સંપૂર્ણપણે જાળવી રાખે છે અને આ અંગે કોઈ શંકા હોવી જોઈએ નહીં. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે જો કોઈ સ્પષ્ટતા કે સુધારાત્મક પગલાંની જરૂર જણાશે તો સરકાર ચિંતાઓ સાંભળવા અને સૂચનો ધ્યાનમાં લેવા તૈયાર છે.

મંત્રીએ સ્પષ્ટતા કરી હતી કે, 'હું તમામ તંત્રીઓ અને મીડિયાકર્મીઓને અમારી સાથે ખુલ્લી અને સ્પષ્ટ ચર્ચા કરવા માટે આમંત્રિત કરું છું. અમે સમજાવવામાં ખૂબ જ ખુલ્લા હોઈશું અને જો કોઈ શંકા હશે, તો કોઈપણ સૂચનને રેકોર્ડ પર લેવા અને જરૂર પડ્યે કાર્યવાહી કરવા તૈયાર છીએ.' પ્રકાશકોએ એવી દલીલ કરી હતી કે વ્યક્તિગત માહિતી અંગેની અહેવાલોમાં સ્પષ્ટ

...અનુસંધાન પાના 11 પર

આંધ્રમાં 'અર્નબ' વાવાઝોડું પ્રચંડ રીતે ત્રાટક્યું: 5નાં મોત

બુધવારે સવારે વાવાઝોડાએ તટીય વિસ્તારમાં લેન્ડફોલ કર્યું, 15,000 વીજપોલ ધરાશાયી

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને કેન્દ્રીય ટીમ દ્વારા નુકસાનના સર્વેની માંગ કરી, 200 મિમીથી વધુ વરસાદ અને દરિયામાં કાર્ગો જહાજ ફસાયું

હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરી

અમરાવતી, તા. 28 (PTI): 'અર્નબ' વાવાઝોડું બુધવારે વહેલી સવારે આંધ્ર પ્રદેશના તટ પર ત્રાટક્યું હતું, જેના કારણે વ્યાપક પાયે તારાજી સર્જાઈ છે. વાવાઝોડાના કારણે અનેક વૃક્ષો અને વીજપોલ ઉખડી ગયા છે તથા રસ્તાઓને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ કુદરતી આપત્તિ અને વીજ કરંટ તેમજ દીવાલ ધરાશાયી થવાની ઘટનાઓમાં કુલ 5 લોકોનાં મોત નીપજ્યાં છે.

લેન્ડફોલની આ 6 કલાકની પ્રક્રિયા દરમિયાન તટીય વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. વિશાખાપટ્ટનમમાં વૃક્ષ પડવાથી જીવંત વીજ વાયરના સંપર્કમાં આવવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. વિજયવાડા અન્ય વિસ્તારમાં વીજપોલ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું હતું. ભીમાવરમમાં ઉખડી ગયેલું તાડનું વૃક્ષ એક વ્યક્તિ પર પડવાથી તેનું મોત થયું હતું. આ ઉપરાંત, અનકાપલ્લીમાં વીજ કરંટથી એક મહિલા અને સાક્કીનેટીપલ્લીમાં દીવાલ ધરાશાયી થવાથી અન્ય એક મહિલાનું મૃત્યુ થયું હતું.

રાજ્યભરમાં 15,000 વીજપોલ ક્ષતિગ્રસ્ત થયા હતા, જેમાંથી કોનાસીમા અને પશ્ચિમ ગોદાવરી

...અનુસંધાન પાના 11 પર

રિલાયન્સની કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપ જિઓ ડેબ્યૂ પછી 30.25 લાખ કરોડ પર પહોંચ્યું

નેટફ્લિક્સ, ટોયોટા અને એસબીઆઈને પાછળ છોડ્યા

નવી દિલ્હી, તા. 28 (PTI): મુકેશ અંબાણીની આગેવાની હેઠળના રિલાયન્સ જૂથ માટે એક ખૂબ જ મોટી સિદ્ધિ સામે આવી છે. જિયો પ્લેટફોર્મ્સના શેરબજારમાં શાનદાર પ્રવેશ પછી, રિલાયન્સ સાથે જોડાયેલી 11 લિસ્ટેડ કંપનીઓનું સંયુક્ત માર્કેટ કેપિટલાઈઝેશન અંદાજે 30.25 લાખ કરોડ ($338 અબજ) પર પહોંચી ગયું છે. આ અદ્ભુત સફળતા સાથે રિલાયન્સ જૂથ વૈશ્વિક ઉદ્યોગ કંપનીઓની હરોળમાં આવી ગયું છે. આ કુલ વેલ્યુ અમેરિકન રિટેલ કંપની હોમ ડિપોટના બરાબર છે અને તેણે એસબીઆઈ, નેટફ્લિક્સ તથા ટોયોટા જેવી વૈશ્વિક કંપનીઓના સ્ટેન્ડઅલોન માર્કેટ વેલ્યુને પણ પાછળ છોડી દીધી છે.

વૈશ્વિક કંપનીઓ સાથે રિલાયન્સની તુલના

નીચે આપેલા ટેબલ દ્વારા સમજો કે રિલાયન્સ જૂથ વિશ્વની અન્ય દિગ્ગજ કંપનીઓની સરખામણીમાં કયા સ્થાને છે:

કંપની / જૂથ	માર્કેટ કેપ (USD)
કોનોકોફિલિપ્સ	$138.25 બિલિયન
ટેસ્લા	$1,487.07 બિલિયન
[illegible]	$1,381.20 બિલિયન
સેમસંગ ગ્રુપ	$1,371.15 બિલિયન
ટોયોટા	$442 બિલિયન
હોંડા-કાર	$302.25 બિલિયન
મોર્ગન સ્ટેનલી	$280.38 બિલિયન
રિલાયન્સ જૂથ (11 લિસ્ટેડ કંપનીઓ)	$338 અબજ
હોમ ડિપોટ	$317.75 બિલિયન
વોલમાર્ટ	$774.11 બિલિયન
નેટ ફ્લિક્સ	$236.73 બિલિયન
ટોયોટા	$231.41 બિલિયન

જિઓના જોરે રિલાયન્સ ટાટાને પછાડીને બન્યું ભારતનું સૌથી મૂલ્યવાન જૂથ

સંયુક્ત માર્કેટ કેપ: રિલાયન્સ જૂથનું સંયુક્ત બજાર મૂલ્ય 30 લાખ કરોડને પાર થઈ ગયું છે. જે ટાટા જૂથના 25 લાખ કરોડ કરતા આગળ છે. આ સાથે રિલાયન્સ ભારતનું સૌથી મૂલ્યવાન જૂથ બની ગયું છે.

દાયકાઓનું વર્ચસ્વ બદલ્યું: આ ફેરફાર છેલ્લા એક દશકાથી ટાટા જૂથ ભારતનું સૌથી મૂલ્યવાન કોર્પોરેટ જૂથ રહ્યું હતું.

જૂથનું કુલ બજાર મૂલ્ય: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું માર્કેટ કેપ 15.67 લાખ કરોડ, ...અનુસંધાન પાના 11 પર

(નોંધ: આ તુલના અલગથી લિસ્ટેડ રિલાયન્સ-સંલગ્ન કંપનીઓના કુલ માર્કેટ કેપિટલાઇઝેશન પર આધારિત છે અને જૂથની અંદરના ક્રોસ-હોલ્ડિંગ્સ માટે એડજસ્ટ કરતી નથી.)

જિયોનો શાનદાર પ્રવેશ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝઃ કુલ બજાર મૂલ્યમાં એકલા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો ફાળો 15.68 લાખ કરોડ હતો.

જિયો પ્લેટફોર્મ્સઃ તાજેતરમાં લિસ્ટેડ થયેલા જિયો પ્લેટફોર્મ્સે 3.05 લાખ કરોડનું યોગદાન આપ્યું છે.

મુખ્ય હિસ્સો: આ બંને કંપનીઓ મળીને કુલ બજાર મૂલ્યનો લગભગ 95 ટકા હિસ્સો ધરાવે છે.

અન્ય કંપનીઓઃ બાકીની 9 કંપનીઓ (જેમાં જિયો ફાઇનાન્શિયલ સર્વિસિઝ, નેટવર્ક 18 મીડિયા એન્ડ ઇન્વેસ્ટમેન્ટ્સ, જસ્ટ ડાયલ, વર્ટિસિંગ એન્ડ વિઝન રિન્યુએબલ એનર્જી, હેથવે કેબલ એન્ડ ડેટાકોમ, ઈઓ નેટવર્ક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટીવી૧૮ બ્રોડકાસ્ટ લિમિટેડ અને ઇન્ફોમીડિયા પ્રેસ સામેલ છે) નું કુલ યોગદાન આશરે 1.52 લાખ કરોડ હતું.



ગાંધીનગરમાં આજનું હવામાન તાપમાન
હવામાન
મહત્તમ ૩૫.૪° સે. | લઘુત્તમ ૧૬.૨° સે. | ભેજ ૨૪%